# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલા ઉમેદવારો માટે પ્રવેશ કાયમ (Confirm) કરાવવા બાબતે અગત્યની સૂચના

ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોના પ્રથમ રાઉન્ડમાં જે ઉમેદવારોને પ્રવેશ ફાળવવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓએ :-

(૧) જે વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત સમયમર્યાદામાં (તા. ૦૫-૦૭-૨૦૧૭ થી તા. ૧૨-૦૭-૨૦૧૭) સુધી જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમાં કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login ID માંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી ફરજીયાત છે.

(૨) જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં લોગઈન આઈડીની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી ફરજીયાત છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં અને આવા ઉમેદવારો ત્યારબાદનાં પ્રવેશનાં તબક્કામાં, ભાગ લઈ શકશે પરંતુ તે જ બેઠક ઉપર પ્રવેશનાં હકદાર રહેશે નહીં.

હવે જો પ્રવેશ મેળવેલ ઉમેદવાર તેઓને ફાળવાયેલ પ્રવેશ અપગ્રેડ કરવા ઈચ્છતા ન હોય અને ત્યારબાદનાં પ્રવેશ રાઉન્ડ (રીસફલીંગ) માં ભાગ લેવા ઈચ્છતા ન હોય તો, તેઓએ પ્રવેશ ફાળવાયેલ સંસ્થા ખાતે એનરોલમેન્ટ માટે “Information Letter”, “Admission Slip” બેન્ક ચલણ/ઓનલાઈન ફી રિસિપ્ટ તથા પ્રમાણપત્રોની નકલ સાથે હાજર થઈ શકશે. **સંસ્થા ખાતે ઉમેદવારે અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે નહીં. જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગે જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી ઉમેદવારે સંસ્થા ખાતે કોઈપણ પ્રકારની ફી કોઈ મથાળા હેઠળ ભરવાની રહેશે નહીં.**

**તા. ૦૫-૦૭-૨૦૧૭**

**— મેમ્બર સેક્રેટરી**